**શહેરમાં એક ભેદી હત્યારો પેદા થયો છે. એ રાત વખત એકલદોકલ સ્ત્રીની પાછળથી એને ગળે દુપટ્ટા જેવા સાધનની ભીંસ દઈને એને મારી નાખે છે. શહેરની આઈસ્ક્રીમ પાર્લર ચેઈનના માલિક જગત રામાણીને દહેશત છે કે એ કદાચ પોતાનો આકરા દિમાગનો નાનો ભાઈ છે. એ પોતે જ અજય વર્માને સામેથી બોલાવીને આ મામલો સોંપે છે**

# ફાંસીગરને કામ કરતી છોકરીઓ પર ખાર અને યોગેશને કામ કરનારાનો અણગમો!

## ફાંસીગર-2

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા

જગત રામાણી ભાઈની હિંસકતાની વાત કરતાં ઊર્મિવશ બની ગયો. મૌન બની ગયો. એટલે વાતનો દોર અજયે ઉપાડી લીધો. 'નાનપણમાં તમે એનામાં આવાં હિંસાત્મક વલણો જોયેલાં ખરાં? કે પછી ગૃહત્યાગ પછી એ પ્રકૃતિ પ્રગટ?'

'એ નાનપણમાં ભણવામાં કાચો હતો. રખડુ હતો. ખાઉધરો પણ ખૂબ હતો', જગતે જાવ્યું. 'પણ મારફાડનાં લક્ષણ મેં જોયેલાં નહીં. વળી પાછા આવીનેય અમારી જાણમાં તો એવાં કશાં લક્ષણ દાખવ્યાં નથી. હા, એ અગાઉના કરતાં વધારે ચંચળ થઈ ગયો છે. અહીં પાછા આવ્યાને પંદરેક મહિના થયા, એટલામાં એણે પાંચ-છ તો કામ બદલ્યાં! મેં એને ફૂલ કિંગના કામમાં પરોવવા કોશિશ કરી, પણ અહીં એને ફાવ્યું નહીં. જમાનાની માગ મુજબ અમે રીટેલ કાઉન્ટર પર છોકરીઓ રાખી છે. એમની સામે જાણે આગલા ભવનું વેર હોય એવું એનું વર્તન રહ્યું. અરે, એકવાર એક છોકરીએ બાપડીએ એને કોલ્ડ સ્ટોરેજમાંથી અમુક આઈસ્ક્રીમની પેટી મંગાવવાનું કહ્યું અને એને 'સાહેબ' કહેવાનું ભૂલી ગઈ, એમાં તો કાઉન્ટરનું સ્કૂલ ઉપાડીને બિચારીને મારી દીધું! મેં કેટલાય કાલાવાલા કરીને મને રોકડ બદલો વાળીને છોકરીને પોલીસ કેસ કરતી અટકાવી. યોગેશને મેં કહી દીધું કે ભાઈ તું તારો મારગ ખોળી લે. તને બાપાની મિલકતમાંથી ભાગ આપી દઉં. ત્યારે એ ઉદારતાથી બોલ્યો કે મારે ભાગ બાગ કશું જોઈતું નથી. ધંધાની જમાવટમાં મેં ક્યાં કશો હિસ્સો આપ્યો છે કે મિલકતમાં હિસ્સો માગું! વળી, ક્યારેક ખૂબ ડાહ્યો લાગે, પણ ક્યારેક... મેં કહ્યું ને, આટલા મહિનામાં કાંઈ પાંચ-છ નોકરીઓ બદલી છે. ક્યાંક એણે કામ છોડ્યું છે, ક્યાંક કામે એને છોડ્યો છે.'

આટલું જણાવીને જગત વળી અટક્યો. કદાચ એ અજયના પ્રતિભાવની પ્રતિક્ષા કરતો હતો. પરંતુ પછી એણે જ વાત આગળ ચલાવી, 'જુઓ, અજય છાપામાં આ લેખ આવ્યો છે. માનસશાસ્ત્રી ફાંસીગરનું પૃથક્કરણ કરે છે. એ કહે છે કે આ પરથી લાગે છે કે હત્યારાને કામ કરતી સ્ત્રીઓ માટે દ્વેષ છે. વળી હત્યાની પદ્ધતિ પરથી લાગે છે કે એને મધ્ય પ્રદેશના પિંઢારાઓની કથાઓમાંથી પ્રેરણા મળી છે. એ માણસ કદાચ ગુજરાત બહારનો પણ હોય.'

જગત આમ બોલીને વળી અટક્યો ત્યારે અજયે પ્રશ્ન કર્યો, 'એટલે તમને એવી શંકા છે કે આ પૃથક્કરણ તમારા ભાઈ તરફ આંગળી ચીંધે છે?'

અજયે જ્યારે વાતને બ્લેક એન્ડ વ્હાઈટમાં આમ મૂકી ત્યારે જગતના ચહેરા પર વેદનાના કાંટા ઉગી નીકળ્યા. એ વ્યાકુળ બની ગયો. પણ પછી ધીરજ ધરતાં એણે વાત આગળ વધારી, 'જો મને ખબર હોત કે ફાંસીગર મારો ભાઈ છે, તો તમને બોલાવ્યા ન હોત. યોગેશે તે દિવસે પાર્લરવાળી છોકરીને કદાચ મારી નાખી હોત. એ વખતે એણે બાપડીનો હાથ ભાંગી નાંખેલો અને મારે ઘણો ખર્ચ કરવો પડેલો. છોકરીને થોડાક રૂપિયા પણ આપવા પડેલા. છાપાવાળા કહે છે કે ફાંસીગરને કામ કરતી છોકરીઓ પર ખાર છે. યોગેશને તમામ પ્રકારની સ્ત્રીઓ તરફ અણગમો છે. એની જન્મદાત્રી અને મારી નવી મા નર્સ તરીકે કામ કરતી હતી. અમારા પિતાના અવસાન પછી યોગેશને નાનો મૂકીને એ જતી રહી. ત્યાં ઈન્દોરમાં જે પહેલી છોકરીને એ પરણ્યો તે કોઈ વકીલને ત્યાં કારકુન હતી, એણે પણ યોગેશનો ત્યાગ કર્યો. એ બીજી છોકરીને પરણ્યો. એ નોકરી કરતી નહિ, પરંતુ એક વાર આવકમાં ઉમેરો કરવા એણે નોકરી કરવાની દરખાસ્ત મૂકી ત્યારે યોગેશ ઉશ્કેરાઈ ગયો હતો. ત્યારે વળી તેનો હાથ ઉપડી ગયો હતો. એટલે... એટલે મને ડર છે કે કદાચ યોગેશ જ...' 'અચ્છા', અજયે મુદ્દો ઉઠાવ્યો. 'અહીં ફાંસીગરે મારી તે બધી સ્ત્રીઓ ગુજરાતી છે. યોગેશને ગુજરાતી સ્ત્રીઓ પર રોષ આવવાનું કશું કારણ ખરું?' 'એની તો મને ખબર નથી. એની જન્મદાત્રી ગુજરાતી હતી. પણ આઈસ્ક્રીમ પાર્લરમાં જે છોકરીને એણે સ્ટૂલ ફટકારેલું એ તો અમારી સિંધી હતી.'

'હં...' અજય ચાના પ્યાલાના આંકડા સાથે રમત કરતો વિચારતો રહ્યો. પછી એણે પૂછ્યું, 'આ સ્ત્રીઓના ખૂન થયાં એ વખતે પોતે અન્યત્ર હતો... તમારી પાસે કે સગાંવહાલાં પાસે હતો... એવું બતાવવા એણે કોશિશ કરી છે ખરી?'

'તમે ગુનેગારના મનની વાત કરો છો ને, અજયબાબુ! એ ગુનેગાર હોય તો ગુનાના સ્થળથી અન્યત્ર હોવાનું ઠરાવવા કોશિશ કરે, એમ ને? ના, એણે એવા સભાન પ્રયત્ન કર્યા હોય એવું ધ્યાનમાં નથી. એક બેવાર એને ખ્યાલ ન આવ્યો એવી રીતે પૂછી જોયું છે. દરેક વેળા એ કામ પરથી છૂટીને સીધો જ ઘેર ગયો, એમ જણાવ્યું છે. જો કે ઘેર એ એકલો જ છે, એટલે અમુક વખતે એને જોયો કે ન જોયો વિશેની વાત કરનાર પણ કોઈ નહિ. આવા સંજોગોમાં છાપામાં આ માનસશાસ્ત્રીનો લેખ મેં જોયો અને મને ડર લાગ્યો કે આ ગાંડો માણસ કદાચ યોગેશ હોય. એટલે મેં તમારી મદદ માગવાનું નક્કી કર્યું.'

'મને યાદ કરવા બદલ તમારો આભાર, જગતભાઈ. પણ યાદ રાખજો કે હું આખરે કાનૂનનો માણસ છું. કોઈક રીતે નિર્દોષ દંડાઈ જતા હોય અથવા પોલીસ પણ નિર્દોષોની નિર્દોષતા સાબિત કરી શકતી ન હોત ત્યારે અમે પ્રાઈવેટ ડિટેક્ટીવો કાંઈક સારું કામ કરીએ છીએ. પણ અમારો અસીલ સ્વયં અપરાધી લાગે તો અમે એને બચાવતા નથી. આથીસ્તો, પ્રાઈવેટ ડિટેક્ટીવની પ્રથા દુનિયાભરમાં માન પામી છે.

'હું સમજું છું, અજયબાબુ', જગત રામાણીએ ઉદાસ ચહેરે મસ્તક હલાવતા સ્વીકાર્યું. 'મારી તમને એટલી જ વિનંતી છે કે એને વિશે જે કાંઈ જાણો તે પોલીસને જણાવતા અગાઉ મને જણાવજો. અને... એક બીજી વિનંતી... એને અંગે તપાસ કરવાનું મેં તમને સોંપ્યું છે એની એને ખબર પડવા ન દેશો. જો એ જાણે તો કોણ જાણે શુંય કરે! અમારા વંશના લોહી ખૂબ ગરમ છે, અજયબાબુ.'

આટલું જણાવીને જગતે પાકિટ કાઢ્યું. એમાંથી સારી એવી રકમની નોટો કાઢીને અજયને આપી. વિશેષ જે કાંઈ ખર્ચ થાય તે ચૂકવી આપવાનું વચન આપ્યું. પછી એ જ પાકિટમાંથી એક જુવાન આદમીની તસવીર કાઢીને આપી. એ જગતનો ભાઈ છે. એ સ્પષ્ટ હતું. માત્ર બંનેની આંખોમાં ફેર હતો. જગતની આંખોમાં ધંધાદારીની સાવધાની હતી. યોગશની આંખો બેફિકર સ્વપ્નસેવી જુવાનની હતી. વિશેષ માહિતી આપતાં જગતે કહ્યું, 'જુઓ, આ ફોટામાંય એણે બેસ્ટ કેપ પહેરી રાખી છે. એને કેપ પહેરવી ખૂબ ગમે છે. અને શિયાળો આખો એ પ્લાસ્ટિક કોટેડ કાળું જાકિટ પહેરી રાખે છે. હમણાં એ બલબીર ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં કામ કરે છે. એ સ્ટોરનું અને એના હમણાના રહેઠાણનું સરનામું ફોટાની પાછળ લખ્યું છે.'

અજયે બંને સરનામાં જોયાં. યોગેશના રહેઠાણ તથા દુકાનથી ઘણે દૂર પેલી હત્યાઓ થઈ હતી. જો કે આ પ્રકારના અપરાધીનું ઠેકાણું નહિ. એ સીધો ઘેર જતો હોય એવું માનવાનું ય કોઈ કારણ નહોતું. ઘેર પત્ની નહોતી જેને પૂછી શકાય કે યોગેશ ક્યારે ઘેર આવે છે.

એટલે અજયે પ્રથમ તો યોગેશ પર થોડો સમય નજર રાખવાનું નક્કી કર્યું.

બલબીર ડિપાર્ટમેન્ટલ સ્ટોરનું સરનામું નવરંગપુરાની ઉત્તર તરફના વિસ્તારનું હતું. હોંશિયાર માલિકે શાકભાજીથી માંડીને બાળકોના રમકડાં સુધીની અસંખ્ય ચીજો અનેક વિભાગોમાં ગોઠવી હતી. ત્યાં ગરીબોની કસ્તૂરી ખરીદવાને બહાને પહોંચીને અજયે કર્મચારીઓ જોવા માંડયા. યોગેશને ઓળખવાનું અઘરું નહોતું. મોસમ શિયાળાની હતી અને એણે બેરટ કેપ તથા બ્લેક જેકેટ પહેરી રાખ્યા હતાં. એ જગત કરતાં કમસે કમ વીસ સેન્ટીમીટર ઊંચો હતો. એટલો જ પહોળો પણ હતો. દુકાન આગળ કશાક સામાનની લારી આવી હતી અને યોગેશ મોટાં ભારે ખોખા ઊંચકીને અંદર લઈ જઈ રહ્યો હતો. શાકભાજીના વિભાગ આગળ જ કોઈ મોટી અફસર જેવી બહેન શાકભાજીના બે ટોપલા જોખાવીને ઊભી હતી. યોગેશ એક ખોખું અંદર પહોંચાડીને બહાર આવ્યો એવો જ શાકભાજી વિભાગ સંભાળનાર કાકાએ સાદ કર્યો, 'અરે સાંઈ! જરા આ બહેનને ટોપલા ગાડીમાં મૂકી આપને!' યોગેશ તરત જ એ તરફ વળ્યો. મહિલા ભણી જોયા વગર જ એણે બંને ટપલા સાથે ઉપાડયા. પછી ધડબડ ચાલે ચાલતો આગળ ઉભેલી કાર સુધી પહોંચ્યો. ત્યાં ટોપલા નીચે મૂકીને જાતે જ પાછળનું કમ્પાર્ટમેન્ટ ખોલ્યું. ટોપલા અંદર મૂકયા. કમ્પાર્ટમેન્ટ બંધ કર્યું. તરત જ પેલી ખાલી કરવાની લારી તરફ ચાલ્યો. એ બધો સમય એની નજરો નીચે હતી. પેલા બાનુ ભણી એણે દૃષ્ટિ સુધ્ધાં કરી નહિ. એ બહેન કદાચ નાની સરખી બક્ષિસ આપવા માંગતા હતા. એ માટે એમણે પાકિટ ખોલ્યું. યોગેશે જ્યારે એમના તરફ ધ્યાન ન આપ્યું ત્યારે બહેન ભોંઠાં પડયાં. યોગેશને બોલાવવા માંગતા હોય એવો એમનો ચહેરો બન્યો. અજયને લાગ્યું કે હું જોરથી બૂમ પાડીને બહેનને કહું કે એને બોલાવશો મા! કદાચ જોખમ...

પણ ભોંઠામણ અનુભવતાં એ બહેને જ એ બેફિકર આદમી તરફથી મોં ફેરવી લીધું. એ ગાડીમાં બેસીને ચાલતાં થઈ ગયાં.

અજયે પણ ડુંગળીની કિંમત ચૂકવીને ચાલતી પકડી. સીધા ઓફિસે પહોંચીને એણે બેક ફોન કર્યા. એક તો ઈન્દોરના 'નઈ દુનિયા'ના પત્રકાર મિત્ર યદુવીર ચૌહાણને ફોન કરીને જણાવ્યું કે દસ બાર વર્ષ અગાઉ ઈન્દોર આવીને વસેલા અને બબ્બે નિષ્ફળ લગ્નોથી દાઝેલા યોગેશ રામાણી વિશે કશું જાણવા મળે તો મને જાણ કરજે. બીજો ફોન નવરંગપુરા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર દિનકર દેસાઈને કર્યો. પરંતુ ત્યાંથી જાણવા મળ્યું કે દિનકર યુનિવર્સિટી વિસ્તારમાં ગયો છે, ત્યાંથી એક મૃત સ્ત્રીની લાશ મળી આવી છે. આ ફાંસીગરની નવીનતમ શિકાર છે.

***(વાચક મિત્રો! યાદ છે? મુંબઇમાંથી એક પાગલ ખૂની પાક્યો હતો. એ નિર્દોષોના માથાં પથ્થરથી ફોડતો. અહીંનો ફાંસીગર ગળાં રૂંધે છે. એ ખરેખર યોગેશ છે? આગળ વાંચતા રહેજો. આભાર.)***




**અત્યાર સુધીમાં માત્ર સ્ત્રીઓની જે હત્યાઓ થઇ છે તે બધી નોકરી કરતી સ્ત્રીઓ છે. તેઓ કામકાજને સ્થળેથી છૂટીને ઘેર જતી હોય એવી વેળાએ એમનો પીછો કરીને હત્યા કરે છે એમને મારી છે. મરનાર સ્ત્રીઓની ઉંમર છવીસથી છેતાળીસની જણાઇ છે. એમાં એક નર્સ, બે કારકુન, એક સરકારી અધિકારી અને એક સેલ્સ ગર્લ હતી**